## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




વૃક્ષ વાવો...નહિતર 'દિલ્હી બહોત દૂર નહી...'

# પૂ. ઉદયવલ્લભસુરિજી સહિત ગુરૂભગવંતોનું ચાતુર્માસ પરિવર્તન





ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે જાણીતા જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા.એ ૧૩૦ દિવસની સ્થિરતા સાથે યાદગાર ચાતુર્માસ બાદ તમામ ગુરૂભગવંતો સાથે આજે ચાતુર્માસ પરિવર્તન કર્યા હતા. ચાતુર્માસ પરિવર્તન બાદ સમગ્ર સંઘે બપોરે ૪.૦૫ કલાકે છેલ્લી હિતશિક્ષા બાદ કોબા જૈન તિર્થ તરફ વિહાર કર્યો હતો. આચાર્ય પૂ. ઉદયવલ્લભસુરિજી સહિત તમામ ગુરૂ ભગવંતોને શહેરના શ્રધ્ધાળુ જૈન શ્રાવકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ચાતુર્માસ પરિર્તન કરાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર ચાતુર્માસ દરમિયાન પૂ. ઉદયવલ્લભસુરિજી દ્વારા સેકટર-૨૨માં જૈન દેરાસર ખાતે 'પરફેકટીંગ યુથ સેશન' અંતર્ગત યુવાનો માટે દર રવિવારે સવારે વિશેષ પ્રવચન શ્રેણી પ્રસ્તુત કરી હતી તેમજ માતૃવંદના શિબિર સહિત વિવિધ શિબિરોનું આયોજન કર્યુ હતું. તેમના પ્રવચનોમાં તર્કબધ્ધ રસાળ રજૂઆત સાથે શાસ્ત્રીય પદાર્થોને આજના સંદર્ભમાં જીવન સાથે કનેકટ કરતી જીવનને સ્પર્શતી બાબતો આવરી લેવામાં આવી હતી. આ ઉપરાંત તેમણે દૈનિક પ્રવચનો સાથે રાત્રી પ્રવચનો પણ નિયમિત પ્રસ્તુત કરી શહેરના જૈન સમુદાયને જનકલ્યાણનો માર્ગ ચીંધ્યો હતો.

## ફિરોજપુરમાંથી ૪ જુગારી ઝડપાયા

ગાંધીનગર તાલુકાના ફિરોજપુર ખાતે સરકારી જમીનમાં ખુલ્લી જગ્યાએ જુગાર રમતા ચાર શકુનીઓ પોલીસના હાથે પકડાયા છે. ડભોડા સર્વેલન્સ સ્કવોર્ડના એલ.આર. કિરણકુમારને જુગાર અંગે બાતમી મળી હતી. જેના આધારે પોલીસે રેઈડ પાડી ફિરોજપુર ગામના પ્રકાશ રાયસંગજી ઝાલા, ભોલા રમણજી જાદવ, સુખા મફાજી જાદવ, લક્ષ્મણ મોહનજી જાદવને પકડી પાડ્યા હતા. પોલીસે અંગજડતી અને દાવ પરથી રોકડા રૂ. ૧૮૦૦ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# લેન્ડર "આદિત્ય"કા સંપર્ક આર્બિટર "પવાર" સે છુટા..!!!

### મહારાષ્ટ્રમાં ચાલેલી સભાની ખેંચતાણની સોશ્યલ મિડીયા પર નેટીઝન્સે ભરપૂર મજા માણી..!!!

ગાંધીનગર, તા. ૧૨

વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારતમાં ઘણીવાર એવી પરિસ્થિતિ સર્જાય છે કે જેમાં લોકશાહીના નામે સત્તાની ખુરશીના પાયાની ખેંચમખેંચ કરતા રાજકીય પક્ષો પોતાની સત્તાલાલસા અને મહત્વકાક્ષાને પોષવા ગમે તે હદે જતા અચકાતા નથી. જ્યારે પણ દેશમાં કોઈ પંચાયત હોય કે મહાનગરપાલિકા, વિધાનસભા હોય કે લોકસભા, ચૂંટણી પછી જો પરિણામ ત્રિશંકુ અથવા અસ્પષ્ટ જનાદેશ સાથે આવે ત્યારે ત્યારે અત્યારે જેવા મહારાષ્ટ્રમાં જોવા મળી રહ્યાં છે તેવા વરવાં દ્રશ્યો અને સભાની સાઠમારી સાથે મતદાતાઓના મતની પવિત્રતાના સરેઆમ ચીંથડા ઉડતા જોવા મળે છે. હવે તો રાજકારણીઓની આ સત્તા પિપાસુ રમતો જનતાને એટલી કોઠે પડી ગઈ છે કે સામાન્ય નાગરિક હવે જીવ બાળવાને બદલે તેમાંથી પણ આનંદ માણવાનું શીખી ગયા છે. મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના-એનસીપી અને કોંગ્રેસની સત્તા માટે જે મેલી રમતો ચાલી તેના નાગરિકોએ સોશ્યલ મિડીયા પર અવનવા ચબરાકિયાં બનાવીને ભરપૂર મજા માણી છે તો આવો આપણે પણ તેનો થોડો રસાસ્વાદ માણીએ.

- પ્રિયંકા ચતુર્વેદી કોંગ્રેસથી ત્રાસી શિવસેનામાં જોડાયાં હતા, હવે શિવસેનાએ જે કોંગ્રેસ સાથે જોડાણ કરી લીધુ... આને કહેવાય "ખાયા પીયા કુછ નહી, ગિલાસ તોડા બારાહ આના"
- ઉદ્ધવ ઠાકરે સોનિયાજીને : "આપ હી શિવસેના કે અસલી "માતોશ્રી" હે..!!"
- માયાવતી, અખિલેસ, લાલુ, કુમારસ્વામી અને ચંદ્રાબાબુને રોડ પર લાવી દીધા બાદ કોંગ્રેસની નજર હવે "શિવસેના" પર...
- ભંડારા ચલ રહા થા, અંદર ગયે તો હલવા ખતમ, બહાર આવે તો ચપ્પલ ગાયબ..!!! મહારાષ્ટ્રમાં શિવસેનાના આવા હાલ થયાં.
- એક વ્યક્તિને એક કરોડની લોટરી લાગી તે ટિકિટ લઈને દુકાનદાર પાસે ગયો, દુકાનદારે કીધુ ટેક્સ કાપીને ૬૫ ટકા રકમ મળશે પેલા વ્યક્તિએ કહ્યું : "પાગલ સમજા હે ક્યા ? લઈશ તો પુરા એક કરોડ નહીંતર લે આ ટિકિટ ને લાવ પાછા મારા ૧૦ રૂપિયા... આને કહેવાય શિવસેના.
- સંજય રાઉત : કોઈપણ કિંમતે મુખ્યમંત્રી શિવસેનાનો જ હશે.
  આદિત્ય ઠાકરે : શું કિંમતે ?
  સંજય રાઉત : શિવસેના
- પત્નિ : આ રાષ્ટ્રપતિશાસન એટલે શું ?
  પતિ : સંપૂર્ણ રાષ્ટ્રમાં પતિનું શાસન, જેમાં કોઈ પણ પત્નિએ પતિને ક્યાં ગયા હતા ?, કોનો ફોન હતો ? રસોઈમાં શું બનાવવુ ? તેવા કોઈ પ્રશ્નો નહીં પુછવાના.
- શિવસેનાને "દેશ દ્રોહી" કહેવાનું શરૂ કરી દીધું છે કે...હજુ વાર છે ?
- પુત્ર મોહમાં ધૃતરાષ્ટ્રે હસ્તિનાપુર ખોયું, મુલાયમે ઉત્તરપ્રદેશ, પ્રકાશસિંહ બાદલે પંજાબ, લાલુ પ્રસાદે બિહાર, સોનિયાએ આખુ હિન્દુસ્તાન અને હવે ઉદ્ધવ ઠાકરે "મહારાષ્ટ્ર" ગુમાવશે તે નક્કી છે.
- લેન્ડર "આદિત્ય" કા સંપર્ક શપથગ્રહણ કે કુછ ક્ષણ પહેલે હી આર્બિટર "પવાર" છે છુટા
- વગર પદે ઈજ્જત કમાવવુ કોઈ બાળ ઠાકરે પાસેથી શીખે અને પદ માટે ઈજ્જત ખોવાનુ ઉદ્ધવ ઠાકરે પાસેથી...
- જે ઠાકરે પરિવારનો ઠાઠ ક્યારેક મુખ્યમંત્રી કરતા પણ વધુ રહેતો હતો, તે પરિવાર આજે મુખ્યમંત્રીના પદ માટે પોતાની જગહંસાઈ કરાવી રહ્યું છે.
- શિવસેનાની સ્થિતિ જોઈને શીખ મળે છે કે જ્યાં સુધી નવી કંપનીમાંથી ઓફર લેટર મળી ના જાય ત્યાં સુધી જુની કંપનીમાંથી રાજીનામુ ના આપવું.
- સંજય રાઉત "આઈસીયુ"માં કેમ દાખલ થયા ? કેમ કે ઘણા શિવસેનાના ધારાસભ્યો જુતાં હાથમાં લઈ તેમને શોધતા હતા અને "આઈસીયુ"માં જુતા સાથે જવા પર પ્રતિબંધ હોય છે.
- રાજ્યપાલ : આજા શામ હોને આઈ મૌસમને લી અંગડાઈ...
  શિવસેના : તો કિસ બાત કી હે લડાઈ ?
  કોંગ્રેસ-એનસીપી : તુ ચલ... મૈ આઈ, તુ ચલ... મૈ આઈ...
  ભાજપ : ઓહ નો...!!
  શિવસેના : બજા ક્યા હે દેખો જરા તુમ ઘડી ? ગુજર જાયે ના પ્રેમ કી યે ઘડી...
  કોંગ્રેસ-એનસીપી : આતી હું થોડા ધીરજ ધરો, હાં લગા દુંગી મૈ પ્રેમ કી ફિર ઝડી...
  શિવસેના : ઉતની દૂર હે તુ જીતની કરીબ હે, તેરે મેરે પ્યારકા કિસ્સા અજીબ હે.
  ભાજપ : ધત્ તેરે કી..!!

# શિહોલી મોટી પાસે પોશીના-ગાંધીનગર બસ પર પથ્થર મારતા મહિલા ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા. ૧૨

પોશીનાથી ગાંધીનગર આવી રહેલી બસ પર શિહોલી મોટી ગામની સીમમાં ચેહર ઢાબા પાસે ગતરોજ સાંજના સુમારે કોઈએ બસની ખાલી સાઈડના ભાગે છુટ્ટો પથ્થર મારતા બસમાં બેઠેલ મહિલા મુસાફરને ઈજા થવા પામી હતી. બનાવ અંગે બસના ડ્રાઈવરે પોલીસમથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત અનુસાર અયુબખાન સલીમખાન નાગોરી (ઉ.વ. ૫૫) બસ ડ્રાઈવર વડાલી ખાતે પોતાના પરિવાર સાથે રહે છે અને ખેડબ્રહ્મા ડેપો ખાતે છેલ્લા છ વર્ષથી ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. અયુબખાન પોશીનાથી ગતરોજ બપોરે બસ લઈને ગાંધીનગર તરફ આવવા માટે નીકળ્યા હતા. ત્યારે હિંમતનગર-ચિલોડા માર્ગ પર સાંજના આઠ વાગ્યાના અરસામાં મોટી શિહોલી ગામની સીમમાં આવેલી હોટલ ચેહર ઢાબા સામે આવતા ખાલી સાઈડ ઉપર અચાનક કોઈએ છુટો પથ્થર મારતા બસની ખાલી સાઈડની બીજા નંબરની બારીનો કાચ તોડી ડ્રાઈવર સાઈડ બીજા નંબરની બારીનો કાચ તોડી પથ્થર નીચે પડ્યો હતો. જેથી ડ્રાઈવરે બસ ઉભી કરી હતી. જ્યારે બસમાં બારી પાસે બેસેલા ઈડરના રતનપુર ગામના ગોમતીબેન વિનોદભાઈ પટેલને કાચ વાગતા ઈજા પહોંચતા તેમના સગાને ફોન કરતા ચિલોડા આવી ગયા હતા અને ગોમતીબનને સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે બસના ડ્રાઈવર અયુબખાનની ફરિયાદ લઈ ચિલોડા પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોયલા ડુંગર 'હરસિદ્ધી આશ્રમ' માટે ભક્તોએ દાનનો ધોધ વહાવ્યો

### આશ્રમ માટે માત્ર એક દિવસમાં ભક્તોએ એક કરોડનું દાન આપ્યુ

ગાંધીનગર, તા. ૧૨

દરિયાકિનારે કોયલા ડુંગર તળેટીમાં 'હરસિદ્ધી આશ્રમ'ના નવ નિર્માણ માટે ભક્તો દ્વારા દાનની સરવાણી થઈ છે. માત્ર એક જ દિવસમાં એક કરોડથી વધુનુ દાન આશ્રમ માટે મળ્યુ છે.

દેવભૂમી દ્વારકાના કલ્યાણપુર તાલુકાના ગાંધવી (હર્ષદ) ખાતે હરસિદ્ધી સેવા ટ્રસ્ટની જમીન આવેલી હતી. આ સ્થળ પર નાની ધર્મશાળાને તોડીને ભવ્ય આશ્રમનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રસંગ તા. ૯ અને ૧૦ બે દિવસીય ભવ્ય 'શતચંડી મહાયાગ'નું આયોજન કરાયુ હતુ. આ પ્રસંગે મા હરસિદ્ધિની નગરયાત્રા નીકળી હતી. ભક્તો દ્વારા માતાજીને ધજા ચઢાવવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં



સાંસદ સભ્ય રમેશભાઈ ધડુક, ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા, કાંતિભાઈ સોઢા (પરમાર), મુળુભાઈ બેરા, સહિત સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ નવિન હરસિદ્ધ આશ્રમ અતિ-આધુનિક તૈયાર કરવાનો છે. જેમાં ભક્તો માટે એસી રૂમ, ભોજન શાળા, સત્સંગ હોલ, યજ્ઞ શાળા તથા તંત્ર માર્ગની ૧૦ મહાવિદ્યાથી સ્થાપના કરવામાં આવશે. મા હરસિદ્ધીની અષ્ટભુજાધારી દિવ્ય પ્રતિમાની પણ સ્થાપના કરવામાં આવશે. ત્યારે કોયલા ડુંગર તળેટી ખાતે નિર્માણ પામનાર 'હરસિદ્ધી આશ્રમ' માટે ભક્તોએ ખોબલે-ખોબલે દાન આપતા માત્ર એક દિવસમાં એક કરોડનો આંક વટી ગયો હતો. જ્યારે દાનનો અવિરત પ્રવાહ હાલ પણ ચાલુ જ રહેશે. ભક્તો દ્વારા દાનની રકમ સમયાંતરે આપતા રહેશે તેમ આશ્રમના ગાદિપતિ વિશ્વાસભાઈ જાનીએ જણાવ્યુ છે.

# ગાંધીનગરમાં બક્ષીપંચની કન્યાઓની સાયકલોના વેચાણના કૌભાંડની આશંકા

### સરકાર દ્વારા શાળામાં ભણતી કન્યાઓને વિના મૂલ્યે અપાતી સાયકલોમાં કૌભાંડ અંગે ઠેર ઠેર ચર્ચા







ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ પર વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા શાળા પ્રવેશોત્સવ દરમિયાન સરકારના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા માધ્યમિક વિભાગની વિદ્યાર્થિનીઓને નિઃશુલ્ક સાયકલ આપવામાં આવે છે. દર વર્ષે સર્વે કરીને અગાઉથી જ આ બાબતે ઓર્ડર આપીને સાયકલો જે તે એજન્સી મારફતે સાયકલ ખરીદી કરીને વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે આપવામાં આવે છે. ત્યારે આ ગુજરાત સરકારની સાયકલ બારોબાર વેચવાનો કિસ્સો ગાંધીનગરમાં પ્રકાશમાં આવ્યો છે. ગાંધીનગરના એક નાગરીકે આ સાયકલ રૂ. ૪૦૦૦ આપીને ખરીદી કરી છે. ત્યારે હાલ આ સાયકલ શહેરમાં ચર્ચાનુ સ્થાન બનવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૯માં અભ્યાસ કરતી બક્ષીપંચ અને આર્થિક પછાત જ્ઞાતિની અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને શાળાએ આવન-જાવન માટે સાયકલ વિનામૂલ્યે આપવામાં આવે છે ત્યારે આવી જ શાળા પ્રવેશોત્સવ-૨૦૧૯ ગુજરાત સરકાર લખેલી એક સાયકલનું વેચાણ સે. ૨૨ વિપુલ સાયકલ સ્ટોર્સથી થયુ છે. ગ્રાહકને આ સાયકલ આપીને જી.એસ.ટી. સાથેનુ બિલ પણ વેપારી દ્વારા આપવામાં આવ્યુ છે. સેક્ટર-૧૩ ખાતે રહેતા અને નાનુ મોટુ કામ કરી ગુજરાન ચલાવતા દશરથભાઈ પટેલે મંગળવારે સવારે આ સાઈકલની ખરીદી કરી છે. ત્યારે વિપુલ સાઈકલ સ્ટોર્સના સંજયભાઈ શાહે જણાવ્યુ હતુ કે તેઓએ કશું જ ખોટુ કર્યુ નથી તેવો દાવો કર્યો છે અને સાઈકલ સેમ્પલની હોવાનુ કહ્યુ છે. તેઓ પાસે હજી આવી ૪૮ સાયકલ તૈયાર કરેલી પડી છે. જે વેરાવળ જિલ્લામાં બક્ષીપંચની દિકરીઓ માટેની છે. હવે દિવાળી વેકેશન બાદ શાળાઓ ખુલતા તે સાઈકલો તેઓ ત્યાં પહોંચતી કરશે.



ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે જનવેદના આંદોલન સે-૬ની સત્યાગ્રહ છાવણી ખાતે કરવામાં આવ્યું હતું. આ આંદોલનમાં સરકારની અણઘડ સરકારી નીતિઓની આકરી ટીકા અને રોષ વ્યકત કરાયો હતો. આ કાર્યક્રમમાં પ્રદેશ અગ્રણીઓ ડૉ. જિતુભાઈ પટેલ, મહેન્દ્રસિંહ બારૈયા, મંદાબેન પટેલ, વંદનાબેન પટેલ, નીશીત વ્યાસ, પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ, પંચાયત પ્રમુખ મંગુબેન પટેલ, રાજુભાઈ બ્રહ્મભટ્ટ, જિલ્લા પંચાયતના સભ્યો અરવિંદસિંહ સોલંકી, ભાવનાસિંહ ઠાકોર, બેચરજી



ઓમકારેશ્વર મહાદેવ મંદિર સે-૪-એ ખાતે જય બુટ ભવાની આનંદ ગરબા મંડળના દર્શનાબેન ઉપાધ્યાય દ્વારા બારતીબાપુની વ્યાસપીઠે ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે.